# કલેક્ટર કચેરી, (ખનિજ શાખા)
## ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતુ,

બ્લોક –બી, ત્રીજો માળ, બહુમાળી ભવન, હિંમતનગર જિ.સાબરકાંઠા

☎ (૦૨૭૭૨) ૨૪૩૫૭૦ ફેક્સ નંબર :– (૦૨૭૭૨) ૨૪૩૫૭૦

e-mail :- gnm-sab@gujarat.gov.in


નિર્મળ ગુજરાત

નં.જીએચ/પરીપત્ર/સાદીરેતી/૩૨૩

તા. ૨૨/૦૫/૧૩

**વંચાણ :–** સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્ર ક્રમાંક પીઆઈએલ/૨૦૧૧/ એચસી-૧૪ (૬) છ સચિવાલય,ગાંધીનગર તા.૨૭/૧૨/૨૦૧૨.

## પરિપત્ર

આથી 'રેતી/કંકર' ખનિજના તમામ લીઝ ધારકો તથા બ્લોક ધારકો ને જણાવવામાં આવે છે કે, વંચાણમાં દર્શાવેલ સરકારશ્રીના તા.૨૭/૧૨/૧૨ ના પરિપત્રથી રેતી/કંકર ખનિજના ખોદકામ માટે નિયંત્રણો લાગુ કરવાની ગાઈડલાઈન્સ બહાર પાડવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

(૧) સવારે ૬-૦૦ કલાક પહેલાં અને સાંજે ૬-૦૦ કલાક પછી 'રેતી/કંકર' ખનિજનું ઉત્ખનન કરી શકાશે નહી અને જો આ સમય દરમ્યાન રેતીનું ઉત્ખનન કરાશે તો તે બિનઅધિકૃત ખાણકામ ગણાશે.

(૨) માત્ર નદીપટ્ટમાંથી જ 'રેતી/કંકર' ખનિજના ઉત્ખનનની પરવાનગી આપી શકાશે અને નદીકાંઠાથી લઘુતમ ૨૫ મીટરના અંતરમાં રેતી ખનિજ ભરવા માટે કોઈ વાહન ઉભુ રાખી શકાશે નહી અને નદીકાંઠાથી ૧૦ મીટરના અંતરમાં રેતી ખનિજનું ખોદકામ કરી શકાશે નહી ડીસ્ટ્રીકટ એરીયા કમીટીએ નિયત કરેલ હોય તેટલા જથ્થા કરતાં વધુ જથ્થો કોઈપણ સ્થળેથી ઉપાડી શકશે નહી.

(૩) જે સ્થળોએ નદીના પાણી સાથે ખારા પાણીના ભળી જવાની શકયતા હોય તેવા સ્થળોએ 'રેતી/કંકર' ખનિજનું ઉત્ખનન કરી શકાશે નહી.

(૪) રાજય સરકાર તરફથી સામાન્ય સૂચનાઓ અથવા કોઈ ખાસ હુકમથી પ્રતિબંધિત કરેલા હોય તેવા વિસ્તારમાં તેમજ ડીસ્ટ્રીકટ એરીયા કમીટીએ નકકી કરેલ જથ્થાની વધુ સાદીરેતીનું ઉત્ખનન થઈ શકશે નહી.

(૫) કોઈપણ સિંચાઈ પ્રોજેકટ કે પુલથી ૫૦૦ મીટરના અંતરમાં રેતી ખનિજનું ખોદકામ કરી શકાશે નહી.

(૬) નદીપટ્ટમાં મહત્તમ ત્રણ મીટરની ઉંડાઈ સુધી જ રેતીનું ખોદકામ કરવાનું રહેશે.

(૭) આ ગાઈડલાઈન્સ પૈકીની કોઈપણ શરતના ભંગ બદલ ખાણ અને ખનિજના કાયદા/નિયમો હેઠળ પગલાં લેવામાં આવશે.



S.K.